વિકાસના નામે સાપુતારાને સિમેન્ટ કોંક્રીટના જંગલમાં ફેરવી દેનારાના પાપે રોજગાર માટે તરસી રહેલા નવાગામના લોકો

મનોરંજન એક્ટિવિટી શરૂ નહીં થાય તો સાપુતારાના લોકોની દિવાળી હૈયાહોળી જેવી થઈ જશે

■ સાપુતારાનાં રોજગારનો દોર સરકારે હાથમાં લેવો પડશે ■ રાજ્ય સરકાર મનોરંજન સહિત અન્ય એક્ટિવિટી પરથી પ્રતિબંધ નહીં હટાવે તો રોજગાર ધંધાનું વાતાવરણ નીરસ બની જશે ■ વિકાસના નામે સાપુતારાને ભ્રષ્ટાચારનો મેકઅપ કરી દેવાયો હોય એમ તૂટેલા રસ્તા, ઊભરાતી ગટરો, વિવિધ પોઇન્ટ્સની જાળવણીનો અભાવ

સાપુતારા : ડાંગ જિલ્લાનાં ગિરિમથક સાપુતારામાં હાલમાં વરસાદને કારણે વાતાવરણ તો ખુશનુમામય બની ગયુ છે. પરંતુ રોજગાર ધંધાનું વાતાવરણ નીરસ બન્યુ છે. હવે દિવાળીને માત્ર 15 દિવસ બાકી રહ્યા છે, ત્યારે મનોરંજન એક્ટિવિટી નહીં શરૂ થાય તો સ્થાનિકોની દિવાળી હૈયાહોળી જેવી થઈ જશે. બીજી તરફ જો સરકાર મનોરંજન સહિત અન્ય એક્ટિવિટી પરથી પ્રતિબંધ નહીં હટાવે તો હોટલોમાં સ્ટાફનો પગાર કરવાના પણ ફાંફાં પડી જશે. વિકાસના નામે સાપુતારાને સિમેન્ટ કોંક્રીટના જંગલમાં ફેરવી દેનારાના પાપે સ્થાનિક નવાગામના લોકો રોજગાર માટે તરસી રહ્યા છે. સાપુતારાના કાયમી ચીફ ઓફિસરની બદલી થયા બાદ સાપુતારાની હાલત તો ઘણીધોરી વિનાની થઈ ગઈ છે. વિકાસના નામે સાપુતારાને જાણે ભ્રષ્ટાચારનો મેકઅપ કરી દેવાયો હોય એવું તૂટેલા રસ્તા, ઊભરાતી ગટરો, વિવિધ પોઇન્ટ્સની જાળવણીના અભાવ પરથી લાગે છે. સરકારો આવે ને જાય છે, એ સાથે વિકાસની ગતિ પણ ક્યારેક ફાસ્ટ તો ક્યારેક મંદ થાય છે. હાલમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાજ્યના મુખ્યમંત્રી તરીકે પહેલીવાર શપથ લીધા એના 23 પૂર્ણ થતાં ગુજરાત સરકાર 7થી 15 ઓક્ટોબર દરમિયાન વિકાસ સપ્તાહ ઉજવી રહી છે. એ સારી વાત પણ છે. જેમાં વિકાસ થાય તો વાંધો ન હોવો જોઈએ. પરંતુ વિકાસની આડમાં માત્ર હથેળી પર ચાંદ બતાવાય એ તો કેમ ચાલે. મુખ્યમંત્રી તરીકે નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ગુજરાતે પ્રવાસન ઉદ્યોગમાં જે સફળતા મેળવી છે એનાથી સમગ્ર વિશ્વનું ધ્યાન ખેંચાયું છે. નરેન્દ્ર મોદીએ પ્રવાસન અને યાત્રાધામોનો વિકાસ કર્યો તેને કારણે આજે વર્લ્ડ ટુરિઝમ મેપ પર ગુજરાત ચમકી રહ્યું છે એવી ડાહીડમરી વાતો થાય છે ને એવા જુઠાણામાંથી બહાર આવવાની જરૂર છે.

ગિરીશ ભોયે

મોન્સૂન, વિન્ટર અને સમર ફેસ્ટિવલો પાછળના તાયફા પણ શું કામના?

રાજ્ય સરકાર પ્રવાસનને ખરેખર પ્રોત્સાહન આપવા માંગતી હોય તો આદિવાસીઓના હિતમાં યોગ્ય નિર્ણય લેવો જોઈએ. 'ગુજરાત હોમસ્ટે પોલિસી' અમલમાં મૂકવાથી પ્રવાસીઓની સંખ્યામાં વધારો થવાથી સ્થાનિક લોકોને રોજગારીની તકો ઊભી થઈ છે એવી વાતો મિથ્યા છે. મોટા ઉપાડે મોન્સૂન, વિન્ટર અને સમર ફેસ્ટિવલો પાછળના તાયફા પણ શું કામના? ડાંગ જિલ્લામાં તો રસ્તાથી માંડીને દરેક કામગીરીમાં ક્યાંક ને ક્યાંક 'હવાઈ વિકાસ'ની પોલ ખૂલી જ જાય. હાલ દિવાળીના તહેવાર ટાણે સાપુતારામાં ધંધા-રોજગારની ગાડી પાટે ચઢે એવું ક્યાંય દૂર દૂર સુધી દેખાતું નથી. સરકારે મનોરંજન એક્ટિવિટી પર પણ પ્રતિબંધ મૂકી દેતાં પ્રવાસીઓ પણ ઓછા થઈ ગયા છે. ત્યારે એક અઠવાડિયામાં હોટલોમાં પણ બુકિંગની ઇન્કવાયરી નહીં નીકળે તો સંચાલકોને સ્ટાફના રાખરખાવની મુશ્કેલી સર્જાઈ જશે. જેનો આખરી દોર તો સરકારના હાથમાં છે. ત્યારે રાજ્ય સરકાર જાગે તે જરૂરી બની ગયુ છે.

પ્રવાસીઓ માટે ગુજરાત પસંદગીનું રાજ્ય આંકડાની માયાજાળ તો નથી ને!

તાજેતરમાં સરકારી આંકડાએ એવું તારણ કાઢ્યું કે, આજે વિશ્વભરના પ્રવાસીઓ માટે ગુજરાત પસંદગીનું રાજ્ય છે. વર્ષ 2003-04માં રાજ્યમાં માત્ર 61.65 લાખ પ્રવાસી આવતા હતા, જે 2022-23માં 14 કરોડને પાર થયા હતા. આમાં 22 લાખથી વધુ વિદેશી પ્રવાસીનો સમાવેશ થાય છે. એટલું જ નહીં વર્ષ 2001-02માં પ્રવાસન વિભાગનું બજેટ માત્ર રૂપિયા 12 કરોડ હતું, જે વધીને 2024-25માં રૂપિયા 1620.06 કરોડ થયું છે. આંકડાની માયાજાળ તો સારી છે, પરંતુ આવો ખર્ચ વિકાસમાં દેખાય છે ખરો એ મોટો પ્રશ્ન છે.

સરકારી નીતિઓને કારણે નવા ઉદ્યોગો અને નાના ઉદ્યોગોનો ઝડપી વિકાસ : VIA પ્રમુખ

વીઆઈએના ટોક શોમાં વિવિધ ઉદ્યોગકારોએ છેલ્લા બે દાયકામાં દરેક ક્ષેત્રે વિકાસ અંગે વાત કરી

સોલાર એનર્જીનો ઉપયોગ કરી આ પાવર કન્સપ્સન ઘટાડવા કહેવાયું જેનાથી સ્ટીલ ઉદ્યોગોને ઘણો ફાયદો થયો

વાપી : ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ (GIDC) દ્વારા વાપી ઇન્ડસ્ટ્રીઝ એસોસિએશન (VIA) ના સહયોગથી એક ટોક શોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ટોક શો માં વડાપ્રધાન મોદીના દૂરંદેશી નેતૃત્વ અને ઔદ્યોગિક વિકાસ, ઉદ્યોગસાહસિકતા અને આર્થિક વિકાસ માટેની પ્રતિબદ્ધતા પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો. વાપી ઇન્ડસ્ટ્રીઝ એસોસિએશન (VIA) ના પ્રમુખ સતીષભાઈ એ ઉપસ્થિત એસોસિએશનના હોદ્દેદારો અને સભ્યો અને ઉદ્યોગકાર મિત્રોનું સ્વાગત કરી સરકારી નીતિઓને કારણે સ્થપાતા નવા ઉદ્યોગો અને નાના કે લઘુ ઉદ્યોગોનો જે ઝડપી વિકાસ થઈ રહ્યો છે તે વિષે પોતાનું તારણ રજૂ કર્યું હતુ. ઉપરાંત માત્ર જીઆઇડીસી જ નહી આજુબાજુના વિસ્તારોમાં સ્થપાઈ રહેલા લોજિસ્ટિક પાર્ક, MSME પાર્ક વિષે પણ જાણકારી આપી હતી. સરીગામ ઇન્ડસ્ટ્રીઝ એસોસિએશનના પ્રમુખ નિર્મળ દૂધની, ઉમરગામ ઇન્ડસ્ટ્રીઝ એસોસિએશનના પૂર્વ પ્રમુખ ભગવાન ભરવાડ, પારડી ઇન્ડસ્ટ્રીઝ એસોસિએશનના પ્રમુખ નીતિનભાઈ પટેલે પણ ઉદ્યોગોના વિકાસની વાત કરી હતી. જીઆઇડીસીના ડેપ્યુટી ચીફ એકાઉન્ટ ઓફિસર ચિરાગ માલવિયા દ્વારા ઉપસ્થિત સર્વે ઉદ્યોગકાર મિત્રો અને અધિકારીઓનું સ્વાગત કરી છેલ્લા 23 વર્ષની વિકાસ યાત્રામાં જીઆઇડીસીની ભૂમિકા દર્શાવી હતી કે જેથી આજે ગુજરાત ઉદ્યોગ પ્રેમીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. 40 વર્ષોથી ઉમરગામમાં સ્ટેનલેશ સ્ટીલ બનાવતા ચંદન સ્ટીલના ગૌરીશંકરે જણાવ્યું કે સોલાર એનર્જીનો ઉપયોગ કરી આ પાવર કન્સપ્સન ઘટાડવા કહેવાયું જેનાથી સ્ટીલ ઉદ્યોગોને ઘણો ફાયદો થયો. તેમજ ઈમ્પોર્ટ માટે પણ અનેક સ્કીમો રજુ કરવામાં આવી તેનો પણ સ્ટીલ ઉદ્યોગોને લાભ મળ્યો હોવાનું જણાવ્યું હતું. VIA ના પૂર્વ પ્રમુખ પ્રકાશ ભદ્રા દ્વારા કેમિકલ ક્ષેત્રનું પ્રતિનિધિત્વ કરતા જણાવવામાં આવ્યું કે ગુજરાતની ઈકોનોમી ખાસ કરીને પેટ્રોલિયમ, કેમિકલ અને ફાર્મા સેક્ટર પર કાર્યરત છે. ગુજરાત ઇન્ડસ્ટ્રીઅલ પોલીસી દ્વારા મળતા બેનીફીટ વિષે જાણકારી આપી જણાવ્યું કે MSME સેક્ટરને તેનો ઘણો લાભ મળ્યો છે. CA ચિંતન શાહે ઉદ્યોગો માટેની સ્ટાર્ટઅપ ઇન્ડિયા 2016 સ્કીમ વિષે જાણકારી આપી તેમાં રજીસ્ટ્રેશન માટેના નિયમો, ઈમ્પ્લિમેન્ટ અને બેનિફિટ વિષે જાણકારી આપી તેનો લાભ લેવા અનુરોધ કર્યો હતો. DIC ના GM યજ્ઞેશ પાવાગઢી તથા GIDC ના ડેપ્યુટી ચીફ એકાઉન્ટ ઓફિસર ચિરાગ માલવિયા દ્વારા ઉદ્યોગો માટેની વિવિધ પોલીસી તેમજ સ્કીમ વિષે જણાવી તેનાથી ઉદ્યોગોને થયેલ લાભ વિષે જાણકારી આપવામાં આવી હતી. આ ટોક શો માં વાપી તેમજ આસપાસના વિસ્તારોના ઉદ્યોગપતિઓએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ભાગ લીધો હતો. આ ટોક શો નું સંચાલન વાપી ઇન્ડસ્ટ્રીઝ એસોસિએશનના માનદમંત્રી કલ્પેશ વોરા અને VIA કમિટીના સભ્ય વિરાજ દક્ષિણી દ્વારા કરવામાં આવ્યું હતું.

પેપર ઉદ્યોગમાં દેશનું 25 ટકા પ્રોડક્શન ફક્ત ગુજરાત કરે છે

VIA ના એડવાઈઝરી બોર્ડ મેમ્બર એ.કે. શાહે પેપર ઇન્ડસ્ટ્રીઝની ભૂતકાળની સ્થિતિએ આજની સરખામણી વિષે જણાવતા કહ્યું હતું કે વર્ષ 2001 માં ગુજરાતમાં ખાસ કરીને વાપી, અંકલેશ્વર તથા અમદાવાદમાં લગભગ 63 જેટલી પેપરમીલ હતી જ્યારે આજે ફક્ત ગુજરાતમાં જ 100 થી વધારે પેપરમીલ છે. વર્ષ 2000 પછી સરકાર દ્વારા પેપરમીલ માટે જાહેર કરેલી અનેક સ્કીમ, પોલીસી, ઇઝી પાવરસપ્લાય તથા મુન્દ્રા અને હજીરા પોર્ટ જેવા પોર્ટ બનવાથી ઈમ્પોર્ટ- એક્ષ્પોર્ટ પણ સરળ બની ગયું છે. જેના ભાગસ્વરૂપે આજે સપૂર્ણ દેશનું 25 ટકા પ્રોડક્શન ફક્ત ગુજરાત જ કરે છે.

મોદીએ ફાર્મા ઇન્ડસ્ટ્રીઝના બેક બોર્ન પર કામ કર્યું છે

VIA ના એડવાઈઝરી બોર્ડ મેમ્બર રજનીશ આનંદે ફાર્મ ક્ષેત્રને લગતી સમસ્યા વિષે જણાવતા કહ્યું કે ભૂતકાળમાં ફાર્મા ઇન્ડસ્ટ્રીઝમાં ઉપયોગમાં લેવાતા બેઝિક સ્ટાર્ટિંગ કેમિકલ ચાઈનાથી જ ઈમ્પોર્ટ કરવું આવશ્યક હતું કારણકે તે આપણા દેશમાં ઉપલબ્ધ ન હતા. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ આ વિષે દેશની અનેક ફાર્મા ઇન્ડસ્ટ્રીઝ સાથે ચર્ચા વિચારણા કરી PLI સ્કીમ રજુ કરી જેમાં સૌ પ્રથમ આપણો દેશ ફાર્મા ઇન્ડસ્ટ્રીઝમાં વપરાતી કઈ વસ્તુઓ માટે ચાઈના પર ડિપેન્ડેન્ટ છે તે વિષે જાણકારી મેળવી દેશની મોટી ફાર્મા ઇન્ડસ્ટ્રીઝને તે બનાવવા માટે કહેવામાં આવ્યું અને તે માટે તેમને 4 થી 6 વર્ષની ઇન્ટેન્સિવ સ્કીમ પણ આપવામાં આવી. આમ મોદીએ ફાર્મા ઇન્ડસ્ટ્રીઝના બેક બોર્ન પર કામ કર્યું છે. સાથે જ તેમણે ગવર્નમેન્ટ હેલ્થ સેક્ટરોમાં જે દવાઓ ખરીદવામાં આવે છે તેમાં 85 ટકા કમ્પોનેન્ટ મેક ઇન ઇન્ડિયા હોય એવું જ ખરીદવાનો આગ્રહ રાખ્યો છે. જેથી ભવિષ્યમાં આપણે મજબૂત ફાર્મા ઇન્ડસ્ટ્રીઝઅલ સેક્ટર ઉભું કરી શકીએ.

ટેબ ક્લિનિક 23 વર્ષથી સુરતમાં સાંધા સ્નાયુઓના હઠીલા રોગ આયુર્વેદિક પદ્ધતિથી મટાડી રહી છે

સુરતઃ સાંધા સ્નાયુઓના કોઈ પણ પ્રકારના હઠીલા રોગમાં દર્દીને સંપુર્ણ રીતે સાજા કરીને ૧૦૦% શુદ્ધ આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરતી સુરતમાં નાનપુરા, બહુમાળી બિલ્ડિંગની સામે જલનિધી કોમ્પ્લેક્ષમાં 103-104માં ચાલતી ટેબ ક્લિનિક સુરતમાં દર્દીઓમાં જાણીતી બની છે.

વાના દર્દીને ધીરે-ધીરે સાંધા અને સ્નાયુઓમાં જકડાહટ આવવાનું શરૂ થાય છે અને અસહ્ય દુઃખાવા સાથે સોજા આવવા લાગે છે અને સાંધાઓની વચ્ચેનું પ્રવાહી સુકાવા લાગે છે ત્યારે કટ-કટ અવાજ આવવાનું શરૂ થાય છે.

ગાદીના ઘસારા તેમજ ligaments બરડ થવાના કારણે સાંધા પૂરે પુરા વળી શકતા નથી આથી દર્દીનું હલન ચલન, વધુ વખત ઉભા રહેવાનું, દાદર ચડવા- ઉતરવાનું, વાંકા વળવાનું, વજન ઉંચકવાનું તથા અન્ય દૈનિક ક્રિયાઓ મુશ્કેલ થવા લાગે છે. મણકાનો ગેપ ઓછો થવાથી નસ દબાય છે. આથી ચકકર આવવા, ખાલી ચડવી, ચપ્પલ પગમાંથી નીકળી જવા, ચાલતા-ચાલતા પડી જવાનો ડર લાગવો, ગાદી પર ચાલતા હોવાની અનુભૂતિ થવી વ. જ્ઞાનતંતુને લગતી તકલીફો વધવા લાગે છે. ટેબ કિલનીકસના ઉપચાર ૧૦૦% શુધ્ધ આયુર્વેદિક અને FDA દ્વારા પ્રમાણિત છે. આ ઔષધિ માત્ર દર્દ મટાડવાના બદલે સાંધા ઓને અંદરથી repair અને regenerate કરે છે.

સારવાર પુરી થયા પછી દર્દી જમીન પર, પલાંઠી વાળીને અને ઉભડક બેસી શકે છે, દાદર ચડ-ઉતર કરી શકે છે અને પોતાનું દરેક કામ સ્વતંત્રપણે જાતે કરી શકે છે. ટેબ કિલનીકસ સપ્તાહના સાતેય દિવસ સવારે ૧૦,૦૦ વાગ્યા થી સાંજે ૭.૦૦ વાગ્યા સુધી અને રવિવારે પણ રાબેતા મુજબ ખુલ્લુ રહે છે.

સેલવાસમાં 100 વર્ષ જુનું વૃક્ષ 'વિકાસ'નો ભોગ બન્યું

■ સેલવાસ : શહેરમાં વિકાસના નામે પ્રકૃતિનું એક મહત્વનું દ્રવ્ય અનિશ્ચિત રીતે નાશ પામ્યું છે. સેલવાસ પોલીસ સ્ટેશનની નજીક આવેલા લગભગ 100 વર્ષ જુના વિશાળ વૃક્ષને કાપી નાખવામાં આવ્યું છે. સેલવાસ પોલીસ સ્ટેશન નજીકના પીપળા અને વડના ઝાડને આ રીતે કાપી નાખવામાં આવતા પર્યાવરણ પ્રેમીઓની લાગણી દુભાઈ હતી. આ વૃક્ષ શહેરના વારસાને દર્શાવતું અને પર્યાવરણ માટે મહત્વનું હતું. આ ઘટના પર્યાવરણ પ્રેમીઓ અને સ્થાનિક રહેવાસીઓમાં ભારે નિરાશા અને આક્રોશનું કારણ બની છે. વૃક્ષો કાપવા અંગેની નીતિઓ અને પર્યાવરણને ધ્યાનમાં રાખીને આગામી સમયમાં વિકાસ કામોને આગળ ધપાવવા માટે વ્યવસ્થિત આયોજન કરવાની માંગ લોકો દ્વારા કરવામાં આવી રહી છે.

પિપરિયામાં ગેરકાયદે દબાણ હટાવાયું

સેલવાસ : સેલવાસ નગરપાલિકા દ્વારા જાહેર સુચના દ્વારા લોકોને જાણ કરાઈ હતી કે પાલિકા વિસ્તારમાં માર્ગોની આસપાસ કોઈપણ પ્રકારનું અનધિકૃત બાંધકામ કે અતિક્રમણ થયું હોય તો તે જાતે જ દૂર કરી દેવું. જો જાતે દબાણ દૂર નહીં કરવામાં આવે તો પાલિકા દ્વારા ડેવલપમેન્ટ કંટ્રોલ રુલ્સ, 2014 અને દાદરા નગર હવેલી, દમણ અને દીવ નગર પાલિકા રેગ્યુલેશન-2004 હેઠળ કાર્યવાહી કરવામાં આવશે. મળતી જાણકારી મુજબ 15 ઓક્ટોબર, 2024ના રોજ સેલવાસ નગર પાલિકા દ્વારા પિપરિયા વિસ્તારમાં હેમિલ્ટન કંપની પાસેના અનધિકૃત અતિક્રમણને દૂર કરવામાં આવ્યું હતું.

ક્વોરી ઉદ્યોગની હડતાળના ૧૩ દિવસ બાદ પણ નિર્ણય નહી આવતા હજ્જારો લોકોને હાલાકી

કોર કમિટીની ખાણ ખનીજ વિભાગ સાથેની બેઠકમાં કોઈ નિરાકરણ આવ્યું નહીં

ક્વોરી ઉદ્યોગે બંધ પાડતા સરકારના અનેક વિકાસના કામો અને ખાનગી બાંધકામો પર બ્રેક લાગી

સરકારના વિભાગોમાં જરૂરી સંકલન, તાલમેલનો અભાવ

ક્વોરી ઉદ્યોગના પ્રશ્નોની બાબતમાં સરકારના સંબંધિત વિભાગોમાં જરૂરી સંકલન, તાલમેલનો અભાવ જોવા મળી રહ્યો છે. અને જેને પગલે નિર્ણાયક સરકારના દાવા કરતી સરકારના શાસનમાં ક્વોરી ઉદ્યોગની હડતાળના ૧૩-દિવસ બાદ પણ કોઈ હકારાત્મક નિર્ણય આવ્યો નથી. અને હજ્જારો લોકોએ રોજગારી ગુમાવવા સાથે મુસીબત વેઠવાની નોબત આવી છે. જોકે સીએમ કાર્યાલયમાંથી પણ કોર કમિટીને તેંડુ આવ્યું હોવાની માહિતી સાંપડી છે. ત્યારે સરકાર જડ વલણ છોડી હકારાત્મક અભિગમ દાખવી નિરાકરણ લાવવામાં આવશે કે કેમ તે જોવું રહ્યું.

ઘેજ : ક્વોરી એસોસિએશનની કોર કમિટીની ખાણ ખનીજ વિભાગ સાથે યોજાયેલી બેઠકમાં કોઈ નિરાકરણ ન આવતા ચીખલી સહિત સમગ્ર રાજ્યમાં ક્વોરી ઉદ્યોગની હડતાળ યથાવત રહેવા પામી છે.

ક્વોરી ઉદ્યોગના પાયાના પ્રશ્નોનું સરકાર દ્વારા અવાર નવાર લેખિત બાંહેધરી અપાયા બાદ પણ નિરાકરણ ન લાવતા ગુજરાત રાજ્ય બ્લેક ટ્રેપ ક્વોરી ઈન્ડસ્ટ્રીયલ એસોસિએશનના હડતાળને પગલે ચીખલી તાલુકા સહિત સમગ્ર રાજ્યમાં બીજી ઓક્ટોબરના રોજથી ક્વોરી ઉદ્યોગ બંધ પાડી ઉત્પાદન અને વેચાણ બંધ કરી દેતા સરકારના અનેક વિકાસના કામો અને ખાનગી બાંધકામો પર બ્રેક લાગી જવા પામી છે. અને ક્વોરી ઉદ્યોગ સાથે સંલગ્ન ટ્રાન્સપોર્ટ અને બાંધકામ સહિતના ઉદ્યોગો થકી રોજગારી મેળવતા હજ્જારો લોકોની રોજગારી સામી દિવાળીએ બંધ થતાં તહેવાર બગડવાની સ્થિતિ ઉભી થવા પામી છે.

આ દરમ્યાન ગાંધીનગરમાં ખાણ ખનીજ કમિશનર ધવલ પટેલ અને ક્વોરી એસોસિએશનની કોર કમિટીની યોજાયેલી બેઠકમાં ખાણ ખનીજ વિભાગને લગતા પ્રશ્નોના નિરાકરણ માટે બાંહેધરી અપાઈ હોવાનું જાણવા મળ્યું હતું. પરંતુ મહત્વનો એવો પર્યાવરણીય મંજુરી (ઈસી) નો પ્રશ્ન અન્ય વિભાગનો એટલે કે જીપીસીબીનો હોય તમામ પ્રશ્નોનું નિરાકરણ ન આવતા હડતાળ યથાવત રહેવા પામી છે.

વાપીની પેકેજિંગ કંપનીના બે ભાગીદારને ચેક રિટર્નના કેસમાં બે વર્ષની સખત કેદની સજા

ભાગીદારી પેઢીને દંડ સહિત બંને આરોપીને ચેકની રકમનો બમણો દંડ તેમજ વળતરનો આદેશ

વાપી : વાપીની શ્રી સાંઈ પેકેજીંગ નામની ભાગીદારી પેઢીમાં ધંધામાં જોડાયા બાદ એક વર્ષ પછી છૂટા થયા ત્યારે અન્ય બે ભાગીદારોએ હિસાબ પેટે ચૂકવવાના રૂપિયા પૈકી પાંચ લાખનો ચેક આપ્યો હતો જે રિટર્ન થયો હતો. જે અંગે ફરિયાદી ટ્રાન્સપોર્ટરે કોર્ટમાં ફરિયાદ કરી હતી. મંગળવારે વાપીના એડીશનલ ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ આઈ.આઈ. પઠાણે ચેક રિટર્નના કેસમાં બંને આરોપીને બે- બે વર્ષની સખત કેદની સજાનો હુકમ કર્યો છે. તેમજ બંને આરોપીને અલગ અલગ પાંચ લાખના ચેકની બમણી રકમનો દંડ કર્યો છે. આ દંડની રકમ જમા થયેથી ફરિયાદીને બંને આરોપીઓ થઈને પાંચ લાખની વળતરની રકમ ચૂકવી આપવા પણ હુકમ કર્યો છે.

આ કેસની વિગત એવી છે કે, વાપી જીઆઈડીસી થર્ડ ફેઝમાં શ્રી સાંઈ પેકેજીંગ નામની ભાગીદારી પેઢીમાં ભાગીદાર તરીકે ચણોદમાં સનરાઈઝ રેસીડેન્સીમાં રહેતા રાજેશ નામદેવરાવ બારંગે તેમજ બીજા ભાગીદાર તરીકે ચણોદ કોલોનીમાં રહેતા ભરત પ્રકાશ જાદવ સાથે ટ્રાન્સપોર્ટર તરીકે કાર્ય કરતા ચણોદ કોલોનીમાં ગોકુલ પેલેસમાં રહેતા સુરેશ મારૂતીરાવ જોષીએ ભાગીદાર તરીકે શ્રી સાંઈ પેકેજીંગ પેઢીમાં જોડાયા હતા. ૨૦-૧-૨૦૧૬થી આ પેઢી સાથે સુરેશ જોષી ભાગીદાર તરીકે નફા નુકશાનમાં સરખા ૩૩.૩૩ ટકાના હિસ્સાથી જોડાયા હતા. એક વર્ષ પછી આ ધંધામાંથી છૂટા થવાનું નક્કી કર્યુ હતું. ત્યારે નફા નુકશાન પૈકી ૩૩.૩૨ ટકા પ્રમાણે રૂપિયા ૧૭,૯૦,૦૦૦ અન્ય બે ભાગીદારોએ હિસાબ પેટે ચૂકવવા નક્કી કર્યુ હતું. જે પૈકી પાંચ લાખનો ચેક આપ્યો હતો જે સ્ટોપ પેમેન્ટના કારણે રિટર્ન થયો હતો. ચેક રિટર્ન થતા આ અંગે સુરેશ જોષીએ વાપીની કોર્ટમાં ફરિયાદ કરી હતી. ૨૦૧૮થી ચાલતા આ કેસમાં વાપીની એડીશનલ ચીફ જ્યુડીશિયલ મેજીસ્ટ્રેટની કાર્ટના જજ આઈ.આઈ.પઠાણે એક પેઢી તેમજ બે ભાગીદારોને તક્સીરવાર ઠરાવી બે વર્ષની સજા અને દંડનો હુકમ કર્યો છે. આરોપી શ્રી સાંઈ પેકેજિંગ ભાગીદારી પેઢીને ગુનામાં તક્સીરવાર ઠરાવી પાંચ લાખના દંડની સજા ફટકારી છે. આ જ રીતે ઉક્ત કલમ હેઠળ આરોપી રાજેશ નામદેવરાવ બારંગને તકસીરવાર ઠરાવી બે વર્ષની સખત કેદની સજા તથા ચેકથી બમણી રકમનો દંડની સજા ફટકારી છે. વધુમાં આ દંડની રકમમાંથી ચેકથી અડધી રકમ ૨.૫૦ લાખ ફરિયાદીને વળતર તરીકે ચૂકવી આપવા પણ હુકમ કર્યો છે. આ જ રીતે આરોપી ભરત પ્રકાશ જાદવને પણ ઉક્ત કલમો હેઠળ તક્સીરવાર ઠરાવીને બે વર્ષની સખત કેદની સજા તેમજ ચેકથી બમણી રકમના દંડની સજા ફટકારી છે. આ દંડની રકમ જમા થયેથી તે પૈકી ૨.૫૦ લાખની રકમ ફરિયાદીને વળતર તરીકે ચૂકવવા હુકમ કર્યો છે. તેમજ સજાના અમલ માટે સજા વોરન્ટ ઈશ્યુ કરવાનો પણ હુકમ કર્યો છે.

ટાઈટલ કલીયરન્સ અંગેની જાહેર નોટીસ

આથી આ નોટીસની જણાવવાનું કે હમારે હાલમાં સંગમકુમાર નાનાલાલ માલવિયાનાં સ્વતંત્ર નામે ચાલી આવેલ નવસારી ટીકા નં. ૪૭, સીટી સર્વે નં. ૧૭૬૧ (એકત્રીત) પૈકી પ્લોટ નં. ૨૩ ઉપર બાંધકામ આવેલ કલાસીક એપાર્ટમેન્ટ નાં બીજા માળે આવેલ ફ્લેટ નં. ૨૦૩, ક્ષેત્રફળ ૪૪૦ ચો. ફુટ સુપર બિલ્ટ અપ, વોર્ડ નં. ૩, ઘર નં. ૧૦૦૩૮૦૫૬/૦, માણેકલાલ રોડ, નવસારી વાળી મિલકતનો સપ્લામેન્ટ્રી ટાઈટલ કલીયરન્સ રિપોર્ટ આપવાનો છે. સદરહું મિલકતનાં અગાઉના સરોજબેન બિપીનચંદ્ર ગાંધીનો અસલ વેચાણ દસ્તાવેજ નં. ૬૭૮૯, તા. ૦૫.૦૮.૨૦૦૮નાં રોજનો કચાંક ગેરવલ્લે થઈ ગુમ થયેલ છે અને મળી આવતો નથી.

સદરહું મિલકત સામે કે સદરહું મિલકતનાં કાગળો સામે કોઈપણ વ્યક્તિ, બેંક, નાણાંકીય સંસ્થા, સરકારી કચેરી, નગરપાલિકા, પંચાયત સોસાયટી, એસોસીએશન કે અન્ય કોઈનો હક્ક, હિસ્સો, દર-દાવો, વાંધો, કબજો કે બોજો હોય તો આ નોટીસ થી દિન-૫ માં પુરાવા સહીત નીચેનાં સરનામે સંપર્ક કરી લેખીત વાંધો ઉઠાવવો. સદરહું મુદતમાં હમોને વાંધો ન મળે તો, સદરહું મિલકત ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો હક્ક, હિસ્સો, વાંધો કે બોજો નથી અને હોય તો જતો કરેલ છે. એવું ફલીત થશે તેનાં આધારે હમો સદરહું મિલકતનો ટાઈટલ કલીયરન્સ રિપોર્ટ ઈશ્યુ કરીશું અને બેંક સદરહું મિલકત સામે ધીરાણ કરશે અને ત્યારબાદ કોઈપણ વ્યક્તિ, બેંક, નાણાંકીય સંસ્થા કે અન્ય કોઈની કોઈપણ પ્રકારની તક-તકરાર ચાલી શકશે નહીં અને કરવામાં આવશે તો તે રદબાતલ ગણાશે જેની સ્પષ્ટ નોંધ લેવી.

તારીખ : ૧૬.૧૦.૨૦૨૪ — રાજન દિનેશચંદ્ર ચિત્રે, એડવોકેટ

મો. : ૯૮૯૮૭૦૦૯૫૭૦ — સયાજી લાયબ્રેરી સામે, સયાજી મેઈન રોડ, નવસારી.

વાપીમાં દિકરી સાથે સાવકા પિતાએ દુષ્કર્મ આચર્યુ

દિકરીએ મુંબઈ પહોંચી ફરિયાદ નોંધાવી, મુંબઈ પોલીસ દ્વારા વાપી ટાઉન પોલીસમાં ફરિયાદ રિફર થતા સાવકા પિતાની ધરપકડ કરાઈ

વાપી : વાપીમાં એક સાવકા પિતાએ જ 14 વર્ષની પુત્રી પર નજર બગાડી તેની સાથે દુષ્કર્મ કર્યુ હતું. પત્નીની ગેરહાજરીમાં સાવકો પિતા પુત્રી સાથે શારીરિક અડપલા કરતો હતો. જે બાદ દિકરી મુંબઈ પહોંચી ગઈ હતી અને ત્યાં ગંભીર આક્ષેપ સાથે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. જે બાદ મુંબઈ પોલીસ દ્વારા આ અંગે વાપી ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ મોકલવામાં આવતા ટાઉન પોલીસે સાવકા પિતા રમેશની ધરપકડ કરી કોર્ટમાં રજૂ કરી એક દિવસના રિમાન્ડ મેળવ્યા હતાં.

વાપીમાં રહેતા સાવકા પિતા રમેશની નજર 14 વર્ષની પુત્રી પર પડી હતી. તે પત્નીની ગેરહાજરીમાં જ શારીરિક અડપલાં કરતો હતો. આ અંગેની જાણ પુત્રીએ માતાને પણ કરી હતી. જે બાદ પણ સાવકા પિતાએ તેની હરકતો ચાલુ રાખી હતી અને તેની સાથે દુષ્કર્મ આચર્યુ હતું. આ બનાવ બાદ દિકરી મુંબઈ પહોંચી ગઈ હતી અને ત્યાં તેણે સાવકા પિતા સામે ગંભીર આક્ષેપ સાથે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. આ ગંભીરતાને ધ્યાને લઈ મુંબઈ પોલીસ દ્વારા આ અંગેની ફરિયાદ વાપી ટાઉન પોલીસ સ્ટેશનમાં મોકલતા ટાઉન પોલીસ દ્વારા સાવકા પિતા રમેશની ધરપકડ કરી તેને કોર્ટમાં રજૂ કરી એક દિવસના રિમાન્ડ મેળવી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.